Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

<u>સંદર્ભ</u> : જોડાણ વિભાગની તા.૨૩-૦૯-૨૦૨૫ ની કાર્યાલય નોંધ પર મળેલ આદેશ.

# પરિપત્ર

**<u>વિષય</u> : શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે સ્નાતક કક્ષાએ કોલેજ જોડાણ ઓનલાઈન અરજીમાં એફીલીયેશન ડેવલપમેન્ટ ફંડ ફીની રકમ ભરવા અંગેની વ્યવસ્થામાં ફેરફાર અંગે...**

યુનિવર્સિટી એક્ટની કલમ ૨૭ તથા સ્ટેચ્યુટ ૬૯, ૭૦, ૨૭૫, ૨૭૬, ૨૮૦, ૨૮૧, ૨૮૨ અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ થી નવી કોલેજ / નવા અભ્યાસક્રમ શરૂ કરવા તેમજ હાલની કોલેજોના ચાલુ/વધારાના/કાયમી જોડાણ તથા મર્જર માટે ઓનલાઈન અરજી કરવા ઈચ્છતા રજીસ્ટર્ડ મંડળ/ટ્રસ્ટ/સંસ્થા/સોસાયટી પાસેથી ઓર્ડિનન્સ ૬૬ માં દર્શાવેલ પ્રોસેસીંગ ફી સાથે એફિલીયેશન ડેવલપમેન્ટ ફંડ ફી અને નિયત કરાયેલ સમય મર્યાદા ધ્યાને લઈ **<u>ઓનલાઈન અરજી તા.૩૦-૦૯-૨૦૨૫ સુધીમાં</u>** યુનિવર્સિટીના ERP પોર્ટલ પર ઓનલાઈન અરજી કર્યા બાદ નિયત ફી ઓનલાઈન ભરીને ફી ભર્યાની રસીદ સાથે ઓનલાઈન કરેલ અરજીની હાર્ડ કોપી ૩ નકલમાં તેમજ સોફ્ટ કોપી યુનિવર્સિટીના જોડાણ વિભાગમાં આગળની કાર્યવાહી માટે યુનિવર્સિટીના પરિપત્રાંક : જોડાણ/૧૮૮૭૪/૨૦૨૫ તા.૧૯-૦૭-૨૦૨૫ થી જાણ કરવામાં આવેલ હતી.

પરંતુ ERP પોર્ટલ પર **સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની ચાલુ જોડાણ** ધરાવતી કોલેજોના ડિવિઝનની ઓનલાઈન ફી (એફીલીયેશન ડેવલપમેન્ટ ફંડ ફી) ભરવામાં ટેકનીકલ એરર/મુશ્કેલી આવતી હોય જેથી યુનિવર્સિટીના ERP પોર્ટલ પર ઓનલાઈન અરજી કર્યા બાદ લાગુ પડતી નિયત ફી ભરવા અંગે નીચે મુજબના ફેરફાર સાથેની વ્યવસ્થા કરવામાં આવેલ છે, તદઅનુસાર કાર્યવાહી કરવા આથી જાણ કરવામાં આવે છે.

(૧) **<u>સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના ચાલુ જોડાણ</u>** અંગે https://vnsgu.net/ પોર્ટલ પર ઓનલાઈન અરજી કર્યા બાદ નિયત ફી પૈકી ફકત ફોર્મ ફી અને પ્રોસેસિંગ ફી રૂા.૨૭,૫૦૦/- ઓનલાઈન ભરીને ફી ભર્યાની રસીદ સાથે ઓનલાઈન કરેલ અરજીની હાર્ડ કોપી ૩ નકલમાં તેમજ સોફ્ટ કોપી યુનિવર્સિટીના જોડાણ વિભાગમાં રજૂ કર્યેથી **લાગુ પડતી એફીલીયેશન ડેવલપમેન્ટ ફંડ ફી** ની રકમ યુનિવર્સિટીના જોડાણ વિભાગમાં ડિવિઝનની માહિતી સાથે નોંધ કરાવી હિસાબી વિભાગમાં ચેક મારફત જોડાણ અરજી સાથે આગળની કાર્યવાહી માટે સમયમર્યાદામાં જમા કરાવવાની રહેશે.

(૨) **<u>અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના ચાલુ જોડાણ</u>** અંગે https://vnsgu.net/ પોર્ટલ પર ઓનલાઈન અરજી કર્યા બાદ નિયત ફી (ફોર્મ ફી અને પ્રોસેસિંગ ફી રૂા.૨૭,૫૦૦/- + લાગુ પડતી એફીલીયેશન ડેવલપમેન્ટ ફંડ ફી) ઓનલાઈન ભરીને ફી ભર્યાની રસીદ સાથે ઓનલાઈન કરેલ અરજીની હાર્ડ કોપી ૩ નકલમાં તેમજ સોફ્ટ કોપી યુનિવર્સિટીના જોડાણ વિભાગમાં આગળની કાર્યવાહી માટે સમયમર્યાદામાં જમા કરાવવાની રહેશે. <u>(હાલની પધ્ધતિમાં કોઈ ફેરફાર નથી)</u>

(૩) **<u>સ્નાતક / અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના નવા જોડાણ</u>** અંગે https://affiliation.vnsgu.net/ પોર્ટલ પર ઓનલાઈન અરજી કર્યા બાદ નિયત ફી (ફોર્મ ફી અને પ્રોસેસિંગ ફી રૂા.૨૭,૫૦૦/- + લાગુ પડતી એફીલીયેશન ડેવલપમેન્ટ ફંડ ફી) ઓનલાઈન ભરીને ફી ભર્યાની રસીદ સાથે ઓનલાઈન કરેલ અરજીની હાર્ડ કોપી ૩ નકલમાં તેમજ સોફ્ટ કોપી યુનિવર્સિટીના જોડાણ વિભાગમાં આગળની કાર્યવાહી માટે સમયમર્યાદામાં જમા કરાવવાની રહેશે. <u>(હાલની પધ્ધતિમાં કોઈ ફેરફાર નથી)</u>

ક્રમાંક : જોડાણ/૨૫૫૦૧/૨૦૨૫
તા.૨૪-૦૯-૨૦૨૫

કુલસચિવ

પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ અને નવા જોડાણની અરજી કરવા ઈચ્છતા રજીસ્ટર્ડ મંડળ/ટ્રસ્ટ/સંસ્થા/સોસાયટીના પ્રમુખશ્રી
*.....જાણ તથા જરૂરી કાર્યવાહી નિયત તારીખ સુધીમાં કરવા સારું...*